GJBK220001042026

**Criminal Case No.81/2026**
**ORDER BELOW Ex.01.**

The finding and in the case of a conviction a brief statement of the reasons therefor:-

આરોપી ને સાંભળ્યા. બનાવના દિવસે, તમો આરોપીને તા.08/01/2026 ના રોજ જાહેરમાં વગર પાસ પરમીટનો અને ગે.કા. નું કેફી પીણું પીધેલ હાલતમાં જાહેરમાં લથડીયા ખાતો અને બકવાસ કરતો મળી આવી ધી પ્રોહીબિશન એકટ ની કલમ ૬૬(૧)બી મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનો આરોપી પર ફરીયાદ પક્ષે આક્ષેપ છે.

આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો સોંપવામાં આવી. આરોપીએ અદાલતમાં પોતાની ગુના કબુલાતથી પોતાની પરનો સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે. આરોપીની પ્લી લેવામાં આવતાં તેમાં આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે. આરોપી તેની કબુલાતમાં જણાવે છે કે તેને ગુનો કબુલ છે, તેનો આ પ્રથમ ગુનો છે, ગરીબ  મજુરીયા વર્ગના અને કુટુંબની જવાબદારી વાળા માણસ છે, ગુનો થયા બદલ પસ્તાવો મહેસુસ કરે છે તેવુ તેઓ તેની સ્વેચ્છિક કબુલાતમાં જણાવી પોતાની પર દયા કરવાની માંગણી કરે છે.

આરોપી પોતાની ગુના કબુલાતથી પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે.આરોપીને તેના પરના ગુના અંગેની સજાની જોગવાઈ અંગેની સમજ કરવામાં આવી. આરોપી પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરતા હોઈ આરોપીની સ્વેચ્છીક કબુલાત સાચી નહી માનવા કોઈ કારણ નથી. આરોપીની સ્વેચ્છીક કબુલાત, આરોપી પરના ગુનાની સજાની જોગવાઈ, આરોપીની ઉંમર, આરોપીની આર્થિક પરિસ્થિતિ  તથા દયાની માંગણી ધ્યાનમાં રાખી સજાની સુધારણાત્મક  વિચારસરણીને અનુસરતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **રાજય વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર.પી. ૭૦૯** ચુકાદાને અનુસરતા કલમ ૬૬(૧) બી મુજબ આરોપીને આ ગુનામાંથી તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

Sentence or Final Order:-

આરોપીને ધી,પ્રોહીબિશન એકટની કલમ ૬૬(૧)બી મુજબના  ગુન્હામાં  તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા અને આરોપીને રૂા. ૧૦૦ /-(અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે  છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિવસ-૫(પાંચ) ની સાદી કેદ ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

આદેશ આજરોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુઈગામ
તારીખ : 14/03/2026

( ગૌરવ શર્મા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,સુઈગામ
કોડ નં. જી.જે. ૦૧૪૪૩